# વિલ (વસિયત નામું) બનાવવા વિશેની તમારી માર્ગદર્શિકા

The Law Society

## કોણે વિલ (વસિયત નામું) બનાવવું જોઈએ

તમારા મૃત્યુ બાદ તમારી મિલકતનું શું થશે તેની જો તમને ચિંતા હોય, તો તમારે વિલ બનાવવું જોઈએ. તેના વગર તમારી મિલકત કોને વારસામાં સોંપવી તે સરકાર નક્કી કરશે, એટલે કે તમારાં મિત્રો, મનપસંદ ચેરિટી સંસ્થાઓ અને સગાંને કદાચ કશું જ નહિ મળે.

જો તમે લગ્ન ન કરેલાં હોય અથવા રજિસ્ટર કરાવેલી સિવિલ પાર્ટનરશીપમાં (એક જ લિંગના પાર્ટનરોને પરિણિત યુગલ જેવો જ હોદ્દો આપતી એક કાનૂની ગોઠવણમાં) ન હો તો ખાસ કરીને વિલ બનાવવાનું અગત્યનું છે. કારણ કે સહનિવાસીઓ (સાથે રહેતાં પાટનરો)ને કાયદો પતિ, પત્ની અથવા સિવિલ પાર્ટનરોને આપે છે તેવા જ સરખા અધિકારો આપતો નથી. આના પરિણામે, તમે ભલે ઘણાં વર્ષોથી સાથે રહેલાં હો, તો પણ જો તમે વિલ નહિ બનાવ્યું હોય તો તમારા જીવનસાથીને કદાચ કશું જ નહિ મળી શકે.

જો તમારે બાળકો હોય કે પોતાની સંભાળ ન રાખી શકે તેવાં બીજાં કોઈ લોકો તમારી ઉપર નિર્ભર હોય તો પણ વિલ બનાવવાનું અતિ અગત્યનું છે. તમે વિલ બનાવેલું નહિ હોય, તો તમારા મૃત્યુ બાદ તેમનું ધ્યાન કોણ રાખશે અથવા કોણ તેમનું ભરણપોષણ કરશે તેની અનિશ્ચિતતા ઊભી થશે.

તમારી માલિકીની મિલકત ઉપર વારસાને લગતા ટેક્સની કેવી રીતે અસર થશે તે વિશે તમારા સોલિસિટર પણ તમને સલાહ આપી શકે.

**જો નીચેનાં કારણો હોય તો પણ તમારે વિલ બનાવવા માટે કાનૂની સલાહ મેળવવાનું વિચારવું જોઈએઃ**

- અનેક લોકો તમારી ઉપર નાણાકીય રીતે નિર્ભર હોવાને લીધે તમારા મૃત્યુ બાદ તે બધાં જ તમારી મિલકત ઉપર દાવો કરી શકે તેમ હોય;
- તમે તમારા વિલમાં કોઈ ટ્રસ્ટનો સમાવેશ કરવા માગતાં હો (કદાચ તમારા નાનાં બાળકો કે કોઈ અસમર્થ વ્યક્તિનો ટેક્સ બચાવવા માટે, અથવા તમારા મૃત્યુ બાદ ફક્ત તમારી મિલકતની કોઈ રીતે સુરક્ષા કરવા માટે);
- તમારું કાયમી ઘર યુ.કે.માં ન હોય અથવા તમે બ્રિટિશ નાગરિક ન હો;
- તમે અહીં રહેતાં હો, પણ તમારી પાસે વિદેશમાં મિલકત હોય; અથવા
- તમે આખા કે અમુક ભાગના ધંધાના માલિક હો.

તમે એક વાર વિલ તૈયાર કરી લો, ત્યારબાદ તમારા સંજોગોમાં થયેલા કોઈ ફેરફારથી, દા.ત. લગ્ન, સિવિલ પાર્ટનરશીપ, જુદા પડવું કે છૂટાછેડા થવાથી, અથવા તો તમારી સિવિલ પાર્ટનરશીપની સમાપ્તી (કાનૂની રીતે અંત લાવવો), તે આખું વિલ અથવા તેનો અમુક ભાગ ગેરમાન્ય કે અયોગ્ય થઈ જશે. એટલે કે તમારે તમારા વિલનું નિયમિત રીતે પુનઃઅવલોકન કરતાં રહેવું જ જોઈએ, જેથી જીવનમાં થયેલા કોઈ મોટા ફેરફારો અનુસાર તેમાં પણ સુધારા-વધારા કરી શકાય. તમારા વિલમાં સુધારા-વધારા કરવા માટે શું ફેરફારો કરવા જરૂરી હોઈ શકે તે તમારા સોલિસિટર તમને કહી શકશે.

## સોલિસિટરનો ઉપયોગ કરવો

આમ તો સોલિસિટરની મદદ વગર વિલ લખવાનું શક્ય છે, પરંતુ આ સામાન્ય રીતે સલાહભર્યું નથી, કારણ કે તમારું વિલ કાયદેસર માન્ય ગણાય તેની ખાતરી કરવા માટે તમારે ઘણી જુદી જુદી કાનૂની ઔપચારિકતાઓ પૂરી કરવાની હોય છે. નિષ્ણાતની મદદ વગર, તમારાથી ભૂલ થઈ જાય તેવું ખરેખર જોખમ છે, જેના લીધે તમારા મૃત્યુ બાદ તમારાં કુટુંબીજનો અને મિત્રો તકલીફમાં મૂકાઈ શકે.

## સોલિસિટર શોધવા

તમારે વિલ બનાવવું હોય, પણ તમારી પાસે સોલિસિટર ન હોય, તો www.lawsociety.org.uk/findasolicitor ઉપર અમારી વેબસાઈટ જુઓ અને તમારા વિસ્તારમાં આવેલા સોલિસિટરોની વિગતો મેળવવા માટે 'Wills and Probate' હેઠળ સર્ચ કરો. અથવા તમે 0870 606 2555 ઉપર ફોન કરી શકો.

## તમારા સોલિસિટરે શું જાણવાની જરૂર પડશે

તમે એક વાર સોલિસિટર રોકી લો એટલે, તેમણે તમારી પાસેથી નીચેની વિગતો જાણવી પડશે.

### તમારી માલિકીની કઈ વસ્તુઓ તમારી પાસે છે

તમારી માલિકીની દરેક વસ્તુની વિગતો, તમારું મકાન, ગાડીઓ (કાર), અંગત કિંમતી ચીજ વસ્તુઓ, સ્ટૉક અને શેરો, બેન્કનાં ખાતાં, ઈન્શ્યોરન્સની પોલિસીઓ અને તમારી માલિકીનો કોઈ ધંધો હોય તો તે અને પેન્શનો બધાની વિગતો.

### કોને શું મળશે?

આ બધી મિલકતો તમે કોને આપી જવા માગો છો? તમારાં સ્નેહીજનો અને મિત્રો કે ચેરિટી સંસ્થાઓ વચ્ચે તમે તમારી મિલકતની વહેંચણી કેવી રીતે કરવા માગો છો? આ બધી ભેટ આપવાની સાથે તમે કોઈ શરતો મૂકવા માગો છો (દાખલા તરીકે, કોઈ યુવાન વ્યક્તિ માટે મૂકી જવામાં આવેલ પૈસા તેમને મળે તે પહેલાં તે અમુક ચોક્કસ ઉંમરનાં થવા જરૂરી છે)?

### કુટુંબ અને અન્ય લાભાર્થીઓ

તમારા કુટુંબની અને તમારા પરિણીત હોદ્દાની વિગતો. તમે છૂટાછેડા લીધેલા છે કે તમારી સિવિલ પાર્ટનરશીપનો અંત લાવેલો છે? શું તમે ફરીથી લગ્ન કરેલાં છે કે નવી સિવિલ પાર્ટનશીપમાં બંધાયાં છો? અથવા તમે કોઈની સાથે લગ્ન કર્યા વગર કે તેમના સિવિલ પાર્ટનર બન્યા વગર રહો છો? તમારે કોઈ બાળકો કે તમારી ઉપર નિર્ભર હોય તેવાં લોકો છે? તમારી ઉપર નાણાકીય રીતે નિર્ભર હોય તેવી કોઈ પણ વ્યક્તિને જો એમ લાગે કે તમે વિલમાં તેમના માટે પૂરતું મૂકીને નથી ગયાં, તો તેઓ કોર્ટમાં તમારા વિલની ફેરવિચારણા કરવાની માગણી કરી શકે છે. જો તમે લાગતીવળગતી વિગતો તમારા સોલિસિટરને આપશો, તો તેઓ તમને કાયદાનાં કોઈ પણ ભયસ્થાનો વિશે કહી શકશે.

### વાલીઓ (ગાર્ડિયનો)

તમારા મૃત્યુ બાદ પણ 18 વર્ષથી ઓછી ઉંમરનાં રહેવાનાં હોય તેવાં કોઈ બાળકો તમને હોય, તો તમારે તેમના કાનૂની વાલી (લીગલ ગાર્ડિયન) તરીકે કદાચ કોઈની નીમણૂંક કરવાની રહેશે.

### બીજી ઈચ્છાઓ

તમારા ફ્યુનરલ વિશે તમારી કોઈ ખાસ ઈચ્છા છે? તમને દફનાવવામાં આવે કે તમારા અગ્નિસંસ્કાર કરવામાં આવે તેમ તમે ઈચ્છો છો? બીજી કોઈ સૂચના છે? દાખલા તરીકે, જો તમે અંગદાન કરવા માગતાં હો, તો તેનો તમારા વિલમાં સમાવેશ કરી શકાય છે. જો કે, તમારી ઈચ્છાઓની ઓર્ગન ડોનર રજિસ્ટર પર નોંધ કરાવવાનો કે ઓર્ગન ડોનરનું કાર્ડ સાથે રાખવાનો વિચાર પણ સારો છે.

### તમારા વિલનો વહીવટ કરનારાં લોકો

તમારા વિલના 'વહીવટદાર' તરીકે તમે જે લોકોને નીમવા માગતાં હો તેમનાં નામ પણ તમારે જણાવવાં જરૂરી છે - આ લોકો તમારા મૃત્યુ બાદ તમારા વિલનો વહીવટ કરે છે. આ તમારાં મિત્રો કે કુટુંબીજનો હોઈ શકે અથવા તો તમારા સોલિસિટર જેવા કોઈ વ્યવસાયિક વ્યક્તિ પણ હોઈ શકે. કોઈ એક મિત્ર કે એક કુટુંબીજન અને એક વ્યવસાયિક વ્યક્તિ એમ બંનેને સાથે નીમવાનું વધારે સારું રહે છે. આદર્શ રીતે નાણાકીય બાબતો સાથે પરિચિત હોય તેવી કોઈ વ્યક્તિને તમારે પસંદ કરવી જોઈએ. તમારાં વહીવટદારો આ કામ કરવા માટે રાજી છે તે તમારે તેમને પૂછીને ચોક્સાઈ કરી લેવી જરૂરી છે, કારણ કે આમાં લાંબા સમયની જવાબદારીઓ સંકળાયેલી છે, ખાસ કરીને જો તમે તમારા વિલમાં ટ્રસ્ટનો સમાવેશ કર્યો હોય તો. તમારા કરતાં ઓછી ઉંમરની વ્યક્તિને આ માટે રોકવાનો વિચાર સારો છે.

## વિલમાં સહી કરવી

એક વાર વિલ તૈયાર થઈ જાય એટલે તેમાં સહી કરવામાં ન આવે ત્યાં સુધી તે અસરમાં આવતું નથી. સહી કરવાની કાર્યવાહીને અસર કરતા અનેક નિયમો છે, જેનું જો સાચી રીતે પાલન કરવામાં નહિ આવે તો તમારું વિલ ગેરમાન્ય બની જશે. દાખલા તરીકે, સાક્ષી અને તેમના પતિ, પત્ની કે સિવિલ પાર્ટનરને વિલમાંથી ફાયદો થવો જોઈએ નહિ. આવી સમસ્યા ઊભી ન થાય તે માટે, ઘણાં લોકો પોતાના સોલિસિટરની ઓફિસમાં કામ કરતાં કર્મચારીઓને પોતાના સાક્ષી તરીકે રાખે છે.

# વિલ (વસિયત નામું) બનાવવા વિશેની તમારી માર્ગદર્શિકા

The Law Society

## વિલ ક્યાં રાખવું

તમારું વિલ સુરક્ષિત સ્થાને રાખવાનું અને તે ક્યાં મૂકેલું છે તે તમારા વહીવટદારો અને નિકટનાં મિત્રો કે સ્વજનોને કહી રાખવાનું અગત્યનું છે. લોકો ઘણી વાર તેમના સોલિસિટરો પાસે પોતાનું વિલ રાખવા માટે કહે છે. મોટા ભાગના સોલિસિટરો આ મફત કરી આપશે, પણ ક્યારેક તે માટે નાનકડી ફી લેવામાં આવે છે.

## તમારું વિલ અદ્યતન રાખવું

તમારે ઓછામાં ઓછા દર પાંચ વર્ષે અને તમારા જીવનમાં કોઈ મોટા ફેરફારો થાય, જેમ કે જીવનસાથીથી જુદા પડી ગયાં હો, લગ્ન કર્યાં હોય કે છૂટાછેડા લીધા હોય, બાળક જન્મ્યું હોય કે ઘર બદલ્યું હોય, તો તે સમયે તમારા વિલની પુનઃવિચારણા કરવી જોઈએ. કોઈ મોટા ફેરફારો થાય તો તે માટે નવું વિલ બનાવવાનું જ ઉત્તમ છે. પણ તમારા હાલના વિલમાં નાના ફેરફારો (અથવા 'પુરવણી') પણ કરી શકાય છે. બંને કિસ્સામાં સોલિસિટર સાથે વાતચીત કરવાનું ઉત્તમ છે.

## ખર્ચ

વિલ બનાવવા દરેક સોલિસિટરની ફી જુદી જુદી હોઈ શકે છે. તેનો આધાર નીચેની બાબતો ઉપર પણ છેઃ

- સોલિસિટરનો અનુભવ અને જ્ઞાન; અને
- તમારું વિલ કેટલું જટિલ હોઈ શકે.

ક્યા સોલિસિટરનો ઉપયોગ કરવો તેનો નિર્ણય કરો તે પહેલાં અમુક જુદા જુદા સ્થાનિક સોલિસિટરોને પૂછીને તેઓ કેટલો ચાર્જ કરે છે તે જાણી લો. પણ યાદ રાખો કે આમાં માત્ર ખર્ચનો જ વિચાર કરવો પડે તેવું નથી. સહેલાઈથી મળવા જઈ શકાય અને જેમની સલાહ તમારી સમજમાં આવતી હોય તેવા સોલિસિટર શોધવાનું પણ એટલું જ અગત્યનું છે.

## વધારે માહિતી

સોલિસિટરો આપતાં હોય તેવી સૌથી સામાન્ય પ્રકારની કાનૂની સેવાઓને આવરી લેતી પત્રિકાઓની શ્રેણીમાંની આ એક પત્રિકા છે. શ્રેણીની બીજી પત્રિકાઓની યાદી નીચે આપવામાં આવી છે. તે તમને તમારા સોલિસિટર પાસેથી અથવા લૉ સોસાઈટીને 0870 3333 084 ઉપર ફોન કરવાથી મળી શકશે.

- ઘર ખરીદવા વિશેની તમારી માર્ગદર્શિકા
- છૂટાછેડા લેવા વિશેની તમારી માર્ગદર્શિકા
- કામ ઉપર થતી સમસ્યાઓ વિશેની તમારી માર્ગદર્શિકા
- ધંધો શરૂ કરવા વિશેની તમારી માર્ગદર્શિકા
- અંગત ઈજા માટેનો દાવો કરવા વિશેની તમારી માર્ગદર્શિકા
- વૃદ્ધજનો માટેની નાણાકીય બાબતો વિશે તમારી માર્ગદર્શિકા
- તમારા જીવનસાથી સાથે ઘર વસાવવા વિશેની તમારી માર્ગદર્શિકા
- તમારું મકાન ભાડે આપવા વિશેની તમારી માર્ગદર્શિકા
- ઘર ભાડે રાખવા વિશેની તમારી માર્ગદર્શિકા
- સોલિસિટરનો ઉપયોગ કરવા વિશેની તમારી માર્ગદર્શિકા
- પ્રોબેટ વિશે તમારી માર્ગદર્શિકા
- અસાયલમનો દાવો કરવા વિશે તમારી માર્ગદર્શિકા

**આ પત્રિકા તમને મોટા અક્ષરોમાં છાપેલી, બ્રેઈલ (અંધલિપિ)માં, ઓડિયો ટેપ ઉપર અને સીડી પર મળી શકે છે. જો તમને આમાંથી કોઈ સ્વરૂપ જોઈતું હોય, તો કૃપા કરીને અમારો આ ઈમેઈલ પર સંપર્ક કરો accessibility@lawsociety.org.uk અથવા 0870 606 2555 પર ફોન કરો.**

**આ પત્રિકા તમને જુદી જુદી ભાષાઓમાં પણ મળી શકે છે. આ તમે અમારી વેબસાઈટ www.lawsociety.org.uk પરથી મેળવી શકશો.**

Lexcel

Look for Lexcel - the mark of excellence

The Law Society 113 Chancery Lane London WC2A 1PL ફોનઃ 020 7242 1222 www.lawsociety.org.uk

સચોટ માહિતી પૂરી પાડવા માટેના અમે તમામ પ્રયત્નો કર્યા હોવા છતાં, કાયદામાં હંમેશાં ફેરફારો થયા કરે છે અને તે દરેક વ્યક્તિને જુદી જુદી રીતે અસર કરે છે. આ પત્રિકા તમારા વિશેની ખાસ અંગત સલાહના બદલામાં નથી અને તમે ફક્ત આ પત્રિકા ઉપર આધાર રાખશો તો તે માટે અમને જવાબદાર ગણી શકાશે નહિ.

Designed by dmlmarketing.co.uk Version 2, 2007 Your guide to making a will – Gujarati